| | |
|---|---|
| દાખલ થયા તારીખ | ૦૯–૦૩–૨૦૨૬ |
| નોંધણી થયા તારીખ | ૦૯–૦૩–૨૦૨૬ |
| ફેંસલ થયા તારીખ | ૧૭–૦૩–૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ, માસ, દિવસ<br>૦૦, ૦૦, ૦૮ |

**પાટણના મે.ચોથા એડીશ્નલ સેશન્સ જજ શ્રીની કોર્ટમાં, મું.પાટણ.**

**ક્રિમીનલ પરચુરણ અરજ નં. ૧૯૦/૨૦૨૬**

**આંક – ૦૯**

**અરજદાર**– અકબરભાઇ હુસેનભાઇ સોલંકી
ઉ.વ.આ.૫૭, ધંધો–મજુરી,
રહે. ટાકોદી, તા.ચાણસ્મા,જી.પાટણ
( હાલ – સબ જેલમાં)

**વિરૂધ્ધ**

**સામાવાળા**– શ્રી સરકાર

**બાબત** – **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ – ૪૮૩(૧) મુજબ દિન–૩૦ (ત્રીસ) ના વચગાળાના જામીન મેળવવા અરજ.**

**એડવોકેટસ** –
અરજદાર તરફે – વિ.વકીલ શ્રી બી.કે.પંચાલ
સામાવાળા શ્રી સરકાર તરફે– વિ.એ.પી.પી.શ્રી આર.પી.રાવલ

**– :: <u>જજમેન્ટ</u> :: –**

૧. અરજદાર/આરોપીએ હાલની અરજી **ચાણસ્મા પોલીસ સ્ટેશન** ગુના રજી.નં.૧૧૨૧૭૦૦૬૨૩૧૦૯૦/૨૦૨૩ (સે.કે.નં.૫૭/૨૦૨૪) ના કામે ઇ.પી.કોડની કલમ – ૩૦૨, ૩૦૭, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૧૨૦(બી), ૩૪, ૩૨૩, ૩૨૪, ૩૨૬, ૪૪૭ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ વિગેરે મુજબના ગુનામાં જયુડીશીયલ કસ્ટડીમાં હોઇ, અને ઇદનો તહેવાર આવતો હોઇ તેઓના ઘરના સભ્યો માટે ઇદનો તહેવાર મનાવવા તેમજ અરજદારની પત્નીને આંખની બિમારી હોઇ તેની સારવાર કરાવવા માટે આર્થિક વ્યવસ્થા કરવાની હોઇ જેથી અરજદાર/આરોપીએ બી.એન.એસ.એસ.ની કલમ – ૪૮૩(૧) મુજબ દિન–૩૦ (ત્રીસ) ના **વચગાળાના** જામીન મેળવવા માટે દાખલ કરેલ છે.

૨. ફરિયાદની હકિકત ટુંકમાં એવી છે કે, તા.૨૫–૧૨–૨૦૨૩ ના રોજ સાંજના આશરે ચારેક વાગ્યાની આસપાસ આરોપીઓએ ગુનાહિત કાવતરૂ રચી, ઇકો ગાડી તથા ટ્રેકટર અને ચાલતા ખેતરમાં આવી ફરિયાદી તથા સાહેદોને તેઓની જમીનમાં તાર ફેન્સીંગ માટે થાંભલા ઉતારેલ. જેથી આરોપીઓએ આવી કહેલ કે, થાંભલા તમે કેમ ઉતારો છો તેમ કહી ગાળો બોલી, જાનથી મારી નાખવાના ઇરાદે ફરિયાદીના કાકા યુનુશભાઇ ઉપર ગાડી ચડાવી માર મારતા તેઓ મરણ ગયેલ છે અને ફરિયાદીના કાકાના દિકરા આયનુલહક મુર્તુઝાભાઇને માથામાં ધારીયુ મારી, ગંભીર ઇજાઓ કરી તથા ફરિયાદીને જમણા હાથે લોખંડની પાઇપ મારી ઇજાઓ કરીને, મે.જીલ્લા મેજીસ્ટ્રેટ શ્રી પાટણના જાહેરનામાનો ભંગ કરી ગુનો કરેલ વિગેરે હકિકતની ફરિયાદ ફરિયાદીએ આપેલ.

૩. આ કામે સામાવાળા શ્રી સરકારને નોટીસ કરતા, સામાવાળા તરફે વિ. એ.પી.પી.શ્રી આર.પી.રાવલ નાઓ હાજર થયેલા છે.

૪. પક્ષકારોને સાંભળ્યા. જામીન અરજી પોલીસ તપાસના કાગળો,

તપાસ કરનાર અમલદારનો અભિપ્રાય આંક–૬ થી તથા આંક–૮ થી મૂળ ફરિયાદી તરફે વાંધા અરજી રજૂ થયેલ છે તથા રજૂ થયેલ સમગ્ર રેકર્ડ વંચાણે લીધુ.

૫. અરજદાર/આરોપી તરફે વિ.વકીલ શ્રી બી.કે.પંચાલે આંક–૦૧ ની અરજી મુજબની દલીલો કરી મુખ્યત્વે એવી રજૂઆત કરેલ છે કે, તા.૨૧/૦૩/૨૦૨૬ ના રોજ અરજદાર/આરોપીના સમાજનો સૌથી મોટો તહેવાર રમઝાન ઇદનો છે અને તેઓના ઘરના સભ્યો પાસે ઇદ કરવા માટે કોઇ આર્થિક વ્યવસ્થા નથી, જેથી તેઓના ઘરના સભ્યો માટે ઇદનો તહેવાર મનાવવા તેમજ અરજદાર/આરોપીની પત્નીને આંખની બિમારી હોઇ તેની સારવાર કરાવવા માટે આર્થિક વ્યવસ્થા કરવાની હોઇ અને તેઓ ઘરમાં એકમાત્ર પુરૂષ કમાનાર સભ્ય હોઇ જેથી દિન–૩૦ (ત્રીસ) ના વચગાળાના જામીન આપવા વિનંતી કરેલ છે.

– અરજદાર/આરોપી તરફે આંક–૩ ના દસ્તાવેજી લીસ્ટથી માર્ક ૩/૧ થી ૩/૨૦ સુધીના દસ્તાવેજો રજૂ કરેલ છે, જે તમામ વંચાણે લીધા.

૬. સામાવાળા શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી આર.પી.રાવલની એવી મુખ્ય રજૂઆત છે કે, હાલના અરજદાર/આરોપી સામે ઇ.પી.કોડની કલમ–૩૦૨, ૩૦૭,૩૪ વિગેરે મુજબનો ખુનના ગુનાનો આરોપ છે અને આરોપીની બનાવમાં સક્રિય ભૂમિકા છે ત્યારે સદર ગુનાની ગંભીરતા ધ્યાને લેતા, હાલના અરજદાર/આરોપીની વચગાળાની જામીન અરજી નામંજૂર કરવા વિનંતી કરેલ છે.

૭. આ કામે તપાસ કરનાર અમલદારે આંક–૬ થી અભિપ્રાય રજૂ કરેલ છે અને તેઓએ મુખ્યત્વે જણાવેલ છે કે, હાલના અરજદાર/આરોપીને જો વચગાળાના જામીન આપવામાં આવેતો તેઓ પરત જેલમાં હાજર નહી થઇ શરતોનું પાલન પણ ન કરે તેવી સંભાવના રહેલ હોય તેમજ સાહેદોને ધાક ધમકી આપી કેસને ચેનકેન પ્રકારે નુકશાન કરવાની શકયતા રહેલ હોઇ

અરજદારને વચગાળાના જામીન ઉપર મુકત નહિ કરવા વિનંતી કરેલ છે.

૮. આ કામે આંક–૮ થી મૂળ ફરિયાદી તરફે હાલની જામીન અરજી સામે વાંધા અરજી રજૂ કરી હાલના આરોપીનો રોલ જોતા વચગાળાની જામીન અરજી નામંજૂર કરવા વિનંતી કરેલ છે.

૯. પક્ષકારોની રજૂઆત સાંભળી. રજૂ થયેલ રેકર્ડ વંચાણે લેતા, આ કામે અરજદાર/આરોપીએ તા.૨૧/૦૩/૨૦૨૬ ના રોજ રમઝાન ઈદ હોઈ અને તેઓના ઘરના સભ્યો પાસે ઇદ કરવા માટે કોઈ આર્થિક વ્યવસ્થા ન હોઈ અને તેથી તેઓના ઘરના સભ્યો માટે ઇદનો તહેવાર મનાવવા તેમજ અરજદાર/આરોપીની પત્નીને આંખની બિમારી હોઇ તેની સારવાર કરાવવા માટે આર્થિક વ્યવસ્થા કરવાની હોઈ દિન–૩૦ ના વચગાળાના જામીન માંગેલ છે. પરંતુ હાલના અરજદાર/આરોપી સામે ગંભીર પ્રકારના ખુનના ગુનાનો આક્ષેપ છે. વધુમાં આ કામે ત.ક.અ.શ્રી તરફે આંક–૬ થી રજૂ થયેલ અભિપ્રાય તથા અભિપ્રાય સાથે રજૂ થયેલ અરજદાર/આરોપીની પત્નીનું નિવેદન વંચાણે લેતાં અરજદાર/આરોપીના કુલ ત્રણ પુત્રો છે અને તેમાં એક પુત્ર હાલના કામે કસ્ટીડમાં છે અને બીજા બે પુત્રો બહાર છે જે મોટા છે અને તેઓ તેઓના પરિવારને આર્થિક રીતે મદદરૂપ થઇ શકે તેમ છે અને અરજદાર/આરોપીની પત્નીની આંખોની સારવાર પણ કરાવી શકે તેમ છે. જેથી અરજદાર/આરોપીએ તેઓની અરજીમાં જે કારણ જણાવેલ છે તે વ્યાજબી જણાતું નથી. વધુમાં અરજદાર/આરોપી સામે ઇ.પી.કોડની કલમ–૩૦૨, ૩૦૭, ૧૨૦(બી), ૩૪ વિગેરે મુજબના ગંભીર ગુનાના આક્ષેપ જોતા હાલના ગુનાની ટ્રાયલ પુરાવા પર છે અને આ તબક્કે અરજદાર/આરોપીને જામીન પર મુક્ત કરવામા આવે તો જોખમ થઇ શકે જે ત.ક.અ.શ્રીની રજૂઆતમાં સત્યતા હોવાનું બની શકે છે. તેમજ અરજદાર/આરોપીએ બનાવમાં ભજવેલ ભુમિકા ધ્યાને લેતા વચગાળાના જામીન ઉપર મુકત કરવા હાલના તબક્કે યોગ્ય, ન્યાયી અને વ્યાજબી જણાતુ ના હોઇ જેથી હાલની **વચગાળાની** જામીન અરજી નામંજૂર કરતો નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**– :: <u>હુકમ</u> :: –**

– હાલના અરજદાર/આરોપી અકબરભાઇ હુસેનભાઇ સોલંકી, રહે. ટાકોદી, તા.ચાણસ્મા, જી.પાટણ (હાલ – સબ જેલમાં) વાળાની બી.એન.એસ.એસ.ની કલમ – ૪૮૩(૧) મુજબની **વચગાળાના** જામીન મેળવવાની અરજી આથી **નામંજૂર** કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૭મી, માહે માર્ચ, સને ૨૦૨૬ નારોજ ખુલી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૭–૦૩–૨૦૨૬
પાટણ

(મહંમદઇરફાન અબ્દુલરઝાકભાઇ શેખ)
ચોથા એડીશ્નલ સેશન્સ જજ,
પાટણ
જજ કોડ નં.જીજે.૦૦૮૯૨

ARP